## ક્ષમા (આપણી જાત માટે)

હે પરમ બ્રહ્મ
દૈવિક પિતા
દૈવિક માતા
મારો ઉચ્ચ આત્મા
મારા આધ્યાત્મિક માર્ગદર્શકો
સમસ્ત આધ્યાત્મિક માર્ગદર્શકો
મારા આધ્યાત્મિક સહાયક
સમસ્ત આધ્યાત્મિક સહાયક
સમસ્ત ઉપચારાત્મક દેવદૂતો
મહાન કર્મમંડળ

હું એજ છું જે હું છું

હું વિનમ્રતાપૂર્વક દિવ્ય ક્ષમા માંગુ છું. મારી બધી જ ભૂલો માટે કે જે મેં જાણતા અજાણતા મારા પૂર્વજન્મમાં કે આ જન્મમાં કરી છે.

હું એ બધાને ક્ષમા કરું છું જેમણે મારા તથા મારા પરિવાર માટે કંઈપણ ખોટું કર્યુ છે.
કૃપા કરી મારા મનનો દરેક પ્રકારનો ડર અને શંકા દૂર કરો.

હું ક્ષમા કરી રહ્યો/રહી છું અને ભૂલી રહ્યો/રહી છું.
(૩ વખત)

હું પૂર્ણ ચેતના સાથે ઉપર દર્શાવેલી વાતોનો સ્વીકાર કરું છું.

હે ઈશ્વર આપનો આભાર, આભાર, આભાર.

(જીવનભર અથવા નિર્દેશ અનુસાર વાંચવું)



## ક્ષમા (પરિવારના સભ્યો – માતા, પિતા, ભાઈ, બહેન, બાળકો તથા નજીકના સગા સંબંધીઓ વગેરે માટે )

હે પરમ બ્રહ્મ' દૈવિક પિતા' દૈવિક માતા
હે મારા ઉચ્ચ આત્મા
મારા (માતા, પિતા, ભાઈ, બહેન' બાળકો વગેરે) ના ઉચ્ચ આત્માઓ
અમારા આધ્યાત્મિક માર્ગદર્શક તથા સહાયક.
બધા જ ઉપચારાત્મક દેવદૂત
મહાન કર્મ મંડળ
હે ઈશ્વર અમને એકબીજા સાથે મેળવવા બદલ આપનો આભાર
હું આ દિવ્ય નિર્દેશ તથા યોજનાનો સ્વીકાર કરું છું.

હું વિનમ્રતાપૂર્વક દિવ્ય ક્ષમાનું આહવાન કરું છું.

(માતા, પિતા, ભાઈ, બહેન' બાળકો વગેરે) મેં જાણતા–અજાણતા પૂર્વ જન્મમાં કે આ જન્મમાં તમારા તરફ જે પણ દ્વેષભાવ રાખ્યો જેને લીધે તમને ખૂબ જ દુઃખ થયું તેમજ ઠેસ પહોંચી હોય એ બધા માટે કૃપા કરી મને ક્ષમા કરો.

આપે મારા તરફ જે દ્વેષભાવ રાખ્યો એ માટે હું વિનમ્રતા પૂર્વક ક્ષમા આપું છું.

તમારા સર્વે ઉપર ઈશ્વરનો ભરપૂર પ્રેમ તથા આશીર્વાદ સદા વરસતા રહે. (૩ વખત)

આપણા સંબંધોમાં હંમેશા શાંતિ અને સમજદારી રહે.
(૩ વખત)

હે ઈશ્વર આપનો આભાર આભાર આભાર.

(જરૂરીયાત મુજબ વાંચવું)



## ક્ષમા (સસરા પક્ષનો પરિવાર - સાસુ, સસરા વગેરે તથા તેમના નજીકના સગા સંબંધીઓ)

હે પરમ બ્રહ્મ
દૈવિક પિતા
દૈવિક માતા
મારો ઉચ્ચ આત્મા
મારા (સસરા પક્ષના નામ) ના ઉચ્ચ આત્માઓ
અમારા આધ્યાત્મિક માર્ગદર્શક તથા સહાયકો
સમસ્ત ઉપચારાત્મક દેવદૂતો
મહાન કર્મમંડળ

હે ઈશ્વર આપનો આભાર કે આપે અમને બધાને એકબીજા સાથે મેળવ્યા હું આ દિવ્ય નિર્દેશન તથા યોજનાનો સ્વીકાર કરું છું.

હું વિનમ્રતાપૂર્વક દિવ્યક્ષમાનું આહવાન કરું છું.

(સસરા પક્ષ નામ) મે જાણતા અજાણતા પૂર્વજન્મમાં કે આ જન્મમાં આપ સર્વે પ્રતિ જે દ્વેષભાવ રાખ્યો. જેને લીધે આપ સર્વેને ખૂબ જ દુઃખ થયું તેમજ ઠેસ પહોંચી એ બધા માટે કૃપા કરી મને ક્ષમા કરશો.

આપ સર્વેએ મારી તરફ તેમજ મારા પરિવાર માટે જે દ્વેષભાવ રાખ્યો, દુઃખ પહોંચાડયું તેને માટે હું વિનમ્રતા પૂર્વક ક્ષમા આપું છું.

આપના ઉપર ઈશ્વરનો ભરપૂર પ્રેમ તથા આશીર્વાદ સદા વરસતા રહે. (૩ વખત)
કૃપા કરી શાંતિથી જાવ. (૩ વખત)
આપણા સંબંધોમાં હંમેશા શાંતિ અને સમજણ બની રહે.
(૩ વખત)
હે ઈશ્વર આપનો આભાર આભાર આભાર.

(જરૂરીયાત મુજબ વાંચવું)



## ક્ષમા પ્રાર્થના (પતિ–પત્ની) માટે

હે પરમ બ્રહ્મ, દૈવિક પિતા, દૈવિક માતા
મારા પતિ /મારી પત્નિ (નામ) ના ઉચ્ચ આત્મા
અમારા સમસ્ત આધ્યાત્મિક માર્ગદર્શક તથા ગુરુજનો
અમારા સમસ્ત આધ્યાત્મિક મદદનીશ
સમસ્ત ઉપચારાત્મક દેવદૂતો
મહાન કર્મ મંડળ

હું એજ છું જે હું છું
હે ઈશ્વર આપનો ઘણો આભાર કે આપે અમને બંનેને એકબીજા સાથે મેળવ્યા આપનો આભાર કે આપે અમારા કર્મોનું સંતુલન કર્યુ.

હું આ દિવ્ય નિર્દેશન તથા યોજના નો સ્વીકાર કરું છું
મેં જાણતા અજાણતા આપ પ્રત્યે તથા આપના પરિવાર માટે જે પણ દ્વેષભાવ રાખ્યા તે માટે હું ક્ષમા માંગું છું.
આપે મારા પ્રતિ જે ભૂલો તથા દ્વેષભાવ રાખ્યા જેને લીધે મને ખૂબ દુઃખ પહોંચ્યું તથા ઠેસ પહોંચી તેને માટે હું તમને ક્ષમા આપું છું.
હું મારા પતિ /મારી પત્નિ (નામ) માટે ઈશ્વર પાસે દિવ્યપ્રેમ, દિવ્ય દયા તેમજ દિવ્ય કરૂણાની પ્રાર્થના કરું છું.
હું પ્રાર્થના કરું છું
કે આ દિવ્ય જયોતિ તેમને ઈશ્વરીય દિશામાં સુરક્ષા પ્રદાન કરે અને ઈશ્વર તરફ તેમનું માર્ગદર્શન કરે.
તેમની અંદર જે કોઈ નકારાત્મક ઉર્જા કે મતભેદ છે, જે કયાંકથી તેમની તરફ આવિ રહી છે અથવા તેમની તરફથી કયાંક જઈ રહી છે.
ઈશ્વરનો દિવ્ય પ્રકાશ આ નકારાત્મક ઉર્જાને પ્રજવલિત કરીને એને સકારાત્મક ઉર્જામાં ફેરવી નાંખો.
મારા પતિ / મારી પત્નિ ઈશ્વર દ્વારા રચિત પરિપૂર્ણ કૃતિ છે જે તન–મન–આત્મા રૂપે વ્યકત છે.
હે ઈશ્વર આપનો આભાર, આભાર, આભાર.
(રોજ વાંચવાનું છે.)

## ક્ષમા પ્રાર્થના વ્યકિતગત (મિત્રો, સહકર્મચારી, ઓફીસ/ધંધાને સંબંધિત લોકો, પડોશી તથા અન્ય)

હે પરમ બ્રહ્મ, દૈવિક પિતા, દૈવિક માતા
મારો ઉચ્ચ આત્મા,
(નામ)નો ઉચ્ચ આત્મા
અમારા સમસ્ત આધ્યાત્મિક માર્ગદર્શક તેમજ મદદનીશ.
બધા જ ઉપચારાત્મક દેવદૂત
મહાન કર્મ મંડળ

હું એ જ છું જે હું છું
હું વિનમ્રતાપૂર્વક દિવ્યક્ષમાનું આહવાન કરું છું.

(નામ) મેં જાણતા અજાણતા આપને તથા આપના પરિવારને માટે જે પણ દ્વેષ ભાવ રાખ્યા જેથી આપ સર્વેને ખૂબ જ દુ:ખ તથા ઠેસ પહોંચી એ માટે હું આપ સર્વેની માફી માંગુ છું.

હું તમને તમારી એ બધી જ ભુલો માટે ક્ષમા કરું છું જે તમે મારા તેમજ મારા પરિવાર માટે કરી જેથી અમને અતિ અધિક દુ:ખ પહોંચ્યું.

ઈશ્વરનો ભરપૂર પ્રેમ અને આશીર્વાદ આપ ઉપર તથા આપના પરિવાર ઉપર વરસતા રહે (૩ વખત)

કૃપા કરી શાંતિથી જાવ (૩ વખત)

આપણી વચ્ચે શાંતિ તેમજ સમજણ બની રહે. (૩ વખત)

હે ઈશ્વર આપનો આભાર, આભાર, આભાર.

(જરૂરીયાત મુજબ વાંચવું)



## ક્ષમા(પૂર્વ પુરૂષમિત્ર / પૂર્વ સ્ત્રીમિત્ર, પૂર્વ સાથી, પૂર્વ પતિ / પત્ની)

હે પરમ બ્રહ્મ, દૈવિક પિતા, દૈવિક માતા
મારો ઉચ્ચ આત્મા તથા (નામ)નો ઉચ્ચ આત્મા
સમસ્ત આધ્યાત્મિક માર્ગદર્શક, સહાયકો તેમજ ગુરૂજનો
સમસ્ત ઊપચારાત્મક દેવદૂતો
મહાન કર્મમંડળ

હું એજ છું જે હું છું
હે ઈશ્વર આપનો આભાર કે આપે અમને મેળવ્યા.
આપનો આભાર કે આપેજ અમારા કર્મોનું સંતુલન કર્યું.
હું આ દિવ્ય નિર્દેશન તથા યોજના સ્વીકાર કરુ છું

(નામ) મે જાણતા અજાણતા આ જન્મે કે
પૂર્વ જન્મમાં આપ તેમજ
આપના પરિવાર માટે જે કંઈપણ દ્વેષભાવ રાખ્યા જેને
લીધે આપ સર્વને ખૂબ જ દુ:ખ તેમજ ઠેસ પહોંચી.
એ માટે હું ક્ષમા યાચના કરું છું.

આપે મારા તેમજ મારા પરિવાર માટે જે કંઈપણ ભૂલો
કરી તે માટે હું આપને ક્ષમા કરું છું.
હું ક્ષમા કરી રહી/રહ્યો છું અને ભૂલાવી રહી/રહ્યો છું. (૩ વખત)
આપણી વચ્ચે શાંતિ અને સમજ બની રહે (૩ વખત)
ઈશ્વરના આશીર્વાદ સદૈવ તમારા તેમજ તમારા પરિવાર
પર વરસતા રહે. (૩ વખત)
કૃપા કરી શાંતિથી જાવ (૩ વખત)

હું પૂર્ણ ચેતના સાથે ઉપર વ્યકત વાતોનો સ્વીકાર કરું છું.

હે ઈશ્વર આપનો આભાર, આભાર, આભાર.

(જીવનભર કે નિર્દેશ અનુસાર વાંચવું)



## ક્ષમા (કાળો જાદુ BM / સફેદ જાદુ WM / ખૂબ જ મજબૂત કોર્ડ, જેમ કે આત્મા, પૂર્વજન્મનો આત્મા કે શ્રાપ, જો પૂરાં પરિવાર પર કાળોજાદુ / સફેદજાદુ / શ્રાપ હોય તો પરિવારના બધા જ સભ્યોએ ક્ષમા વાંચવી)

હે પરમ બ્રહ્મ, દૈવિક પિતા, દૈવિક માતા
મારો ઉચ્ચ આત્મા (નામ)નો ઉચ્ચ આત્મા
સમસ્ત આધ્યાત્મિક માર્ગદર્શક, સહાયક તથા ગુરૂજન
સમસ્ત ઉપચારક દેવદૂત, મહાન કર્મ મંડળ
હું એજ છું જે હું છું
હે ઈશ્વર અમને મેળવવા બદલ આપનો આભાર
આપનો આભાર કે આપે મને અમારા કરેલા કર્મોને સંતુલિત
કરવાની મંજૂરી (અનુમતિ) આપી
હું આદિવ્ય નિર્દેશન અને યોજનાનો સ્વીકાર
કરી રહ્યો છું / કરી રહી છું.
(નામ) મે જાણતા કે અજાણતાં પૂર્વ જન્મમાં કે આ જન્મમાં
આપના તથા આપના પરિવાર માટે જે કોઇ પણ ભુલો કરી
જેના થી આપને ઊંડાણપૂર્વક દુ:ખ તથા ઠેસ પહોચી તેના
માટે હું ક્ષમાયાચના કરી રહ્યો છું / રહી છું.
જેના કારણે આપને મારા તથા મારા પરિવારને માટે (તરફ)
કોઈક અત્યંત ખોટા કાર્યો કરવા પડયા.
હું ફરીથી ક્ષમાયાચના કરું છું.
હું આપને તે બધા જ ખોટાં કાર્યો માટે ક્ષમા કરી રહ્યો છું /
રહી છું. જે આપે મારા તથા મારા પરિવાર માટે કર્યો છે.
હું ક્ષમા કરી રહ્યો છું / રહી છું તથા ભૂલી રહ્યો છું / રહી છું. (૩ વખત)
આપણી વચ્ચે હંમેશા શાંતિ તથા સમજણ બની રહે. (૩ વખત)
ઈશ્વરની જયોતિ, પ્રેમ તથા આશિર્વાદ હંમેશા આપના તથા
આપના પરિવારની સાથે રહે. (૩ વખત)
કૃપા કરી શાંતિથી જાઓ. (૩ વખત)
હું સંપૂર્ણ ચેતનાઓ સાથે ઉપર દર્શાવેલ વાતોનો સ્વીકાાર કરી
રહ્યો છું / રહી છું.
હે ઈશ્વર આપનો આભાર, આભાર, આભાર.

(જીવનભર અથવા સૂચના મુજબ વાંચવું)



# ક્ષમા પ્રાર્થના

કોર્ડ (સુક્ષ્મ સંપર્ક) ના
પ્રભાવને દૂર કરવા માટે,
ભાવનાત્મક અડચણો અને સ્વાસ્થ્ય,
સફળતા અને સમૃદ્ધિ માં
આવતી સુક્ષ્મ અડચણોના
પ્રભાવને દુર કરવા માટે

www.pranaviolethealing.com